# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ००७

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

Ref no. PN 2025-26/273 Dt. 29/12/2025

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર દ્વારા બીઆઈએસ સ્ટાન્ડર્ડ્સ અને ગુણવત્તા નિયંત્રણ પર સેમિનાર યોજાયો

### સુરત બીઆઈએસના ઉચ્ચ અધિકારીઓએ હેન્ડટૂલ, હાર્ડવેર અને ફર્નિચર વસ્તુઓમાં ગુણવત્તા નિયંત્રણ તેમજ BIS સ્ટાન્ડર્ડ્સ વિશે માર્ગદર્શન આપ્યું

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા બીઆઈએસ (બ્યુરો ઑફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ)ના સહયોગથી હેન્ડટૂલ, હાર્ડવેર અને ફર્નિચર વસ્તુઓમાં ગુણવત્તા નિયંત્રણ તેમજ BIS સ્ટાન્ડર્ડ્સ અંગેના મહત્વના મુદ્દાઓ પર એક જાગૃતિ સેમિનારનું સફળતાપૂર્વક આયોજન શનિવાર, તા. ૧૩ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સાંજે ૫:૩૦ કલાકે, સમૃદ્ધિ, નાનપુરા ખાતે કરવામાં આવ્યું હતું, જેમાં મુખ્ય વક્તા તરીકે BIS, સુરત ઓફિસના સિનિયર ડિરેક્ટર અને હેડ શ્રી એસ કે સિંઘે BIS સ્ટાન્ડર્ડ્સ, ગુણવત્તા નિયંત્રણ અને તેના અનુપાલન વિશે તથા BIS સર્ટિફિકેશન કેવી રીતે મેળવવું એના વિશે વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું.

શ્રી એસ કે સિંઘે કહ્યું કે, BIS સ્ટાન્ડર્ડ્સ અપનાવવાથી ગ્રાહકોને વિશ્વાસપાત્ર-ગુણવત્તાયુક્ત વપરાશ મળે છે અને ઉત્પાદકને નિકાસ વધારવામાં મદદ મળે છે. તેમણે પ્લાયવૂડ, ફ્લશ ડૉર્સ સહિત ફરજિયાત પ્રમાણપત્ર હેઠળ આવતી વસ્તુઓ વિશે, ક્વોલિટી કન્ટ્રોલ ઓર્ડર્સ ક્યારથી લાગુ થઈ રહ્યા છે એ, હોલમાર્કિંગ વગેરે મુદ્દાઓ પર વિગતે સમજાવ્યું હતું.

BIS, સુરતના Sc C/Dy Director શ્રી ધનરાજ કરાડેએ બીઆઈએસના વ્યવહારુ પાસાઓ અને બિઝનેસમાં અમલીકરણ પર પ્રકાશ પાડ્યો. તેમણે વિવિધ હેન્ડ ટૂલ્સના ફરજિયાત અને સ્વૈચ્છિક પ્રમાણપત્ર મેળવવાની પ્રક્રિયાઓ અને જરૂરિયાતોની પૂર્ણતા વિશે સમજ આપી હતી.

સુરત હાર્ડવેર એન્ડ બિલ્ડિંગ મટિરિયલ મર્ચન્ટ્સ એસોસિએશનના પ્રમુખ શ્રી કિરીટ પટેલે સ્વાગત સંબોધન કર્યું હતું. ચેમ્બરની રિટેલ ટ્રેડ કમિટીના ચેરમેન શ્રી પ્રમોદ ભગતે કાર્યક્રમની રૂપરેખા આપી હતી. રિટેલ ટ્રેડ કમિટીના કો-ચેરમેન શ્રી મિતેશ શાહે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. SHABBMAના સેક્રેટરી શ્રી દિલીપ પટેલે કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો.

ચેમ્બરે આ સેમિનાર દ્વારા રિટેલ અને હાર્ડવેર વ્યવસાયીઓમાં ગુણવત્તા જાગૃતિ અને BIS અનુપાલન વધારવાનો પ્રયાસ કર્યો હતો. આ કાર્યક્રમમાં રિટેલ વેપારીઓ, હાર્ડવેર વ્યવસાયીઓ અને ઉદ્યોગપતિઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમના અંતે વક્તાઓએ વેપારીઓને મૂઝવતા પ્રશ્નોના જવાબો આપ્યા હતા.